હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ ભાવ વધારાથી એક નાનકડો ફર્ક જ પડ્યો છે... પહેલા ત્રણસો રૂપિયાના પેટ્રોલમાં ટાંકી ઉપર ફીણ દેખાતા હવે મોટામાં ફીણ આવે છે.

ઓક્સિજન સિલિન્ડર બંધ થતા સિવિલમાં મહિને સાત લાખની બચત

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર સિવિલમાં જુની બિલ્ડીંગના દર્દીઓ માટે મંગાવવામાં આવતા ઓક્સિજન સિલિન્ડર બંધ થતા સિવિલને મહિને અંદાજીત રૂ.૭ લાખની બચત થવા પામે છે. સિવિલમાં રોજના ૧૦૦ થી ૧૨૦ ઓક્સિજન સિલિન્ડરનો વપરાશ હતો. જયારે હાલ ઓપીડી બિલ્ડીંગ પાસે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત થઈ જતા ઓક્સિજન પુરતી માત્રામાં મળી રહે છે. જેથી હાલ એમ્બ્યુલન્સ માટે અઠવાડીયામાં માત્ર ગણતરીના ઓક્સિજન સિલિન્ડર તંત્ર મંગાવે છે.

કોરોના સમયે ગાંધીનગર સિવિલમાં ઓક્સિજનની અછત વર્તાઈ રહી હતી. કોરોનાની બીજી લ્હેરમાં દર્દીઓને ઓક્સિજનની ભારે જરુરીયાત ઉભી થવા પામી હતી. ત્યારે સિવિલમાં જુની બિલ્ડીંગ અને નવી બિલ્ડીંગમાં ઓક્સિજનની જરુરીયાત વધુ રહેતી હતી. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસે માત્ર એક મિનિટમાં ૧૫ હજાર કિલો લીટર લિકવીડ ઓક્સિજન પ્રાપ્ત થાય તેવી સુવિધા હતી. તે સમયે રોજનો ૧૫ થી ૧૭ હજાર ક્યુબીક ઓક્સિજનનો વપરાશ સિવિલમાં થઈ રહ્યો હતો. તે સમયે જુની બિલ્ડીંગ માટે રોજના ઓક્સિજન સિલિન્ડર પણ ૧૦૦ થી ૧૨૦ જેટલા મંગાવવામાં આવતા હતા.

પરંતુ ઓપીડી બિલ્ડીંગ પાસે ઓક્સિજન પ્લાન્ટ કાર્યરત થઈ જતા તે પ્લાન્ટ દ્વારા એક મિનિટમાં ૯૦૦ લીટર ઓક્સિજન પ્રાપ્ત કરવામાં આવે છે. આ ઓક્સિજન પ્લાન્ટમાંથી ઓક્સિજન જુની બિલ્ડીગમાં આપવામાં આવે છે.જેથી સિવિલમાં આવતા રોજના ૧૦૦ થી ૧૨૦ ઓક્સિજન સિલિન્ડરનો વપરાશ બંધ થતા સિવિલમાં મહિને ૭ લાખની બચત થાય છે. તો બીજીતરફ લીકવીડ ઓક્સિજન પ્લાન્ટની બાજુમાં અન્ય ૫૦૦ લીટર પ્રતિ મિનિટે ઓક્સિજન મળી રહે તે પ્લાન્ટ પણ આવેલ છે. જયારે હાલ એમ્બ્યુલન્સના દર્દીઓ માટે ઓક્સિજન સિલિન્ડરનો ઉપયોગ થાય છે. જેથી માત્ર અઠવાડીયામાં ૧૦ થી ૧૫ સિલિન્ડર મંગાવવામાં આવે છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજે સોમવાર હતો અને બે દિવસની રજા બાદ સરકારી કચેરીઓ ખુલી હતી પણ કચેરીઓમાં દિવાળીનો માહોલ અત્યારથી જામી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીઓમાં ફરજ બજાવતા આઉટ સોર્સિંગના કર્મચારીઓને ૧લી નવેમ્બરે પગાર ચૂકવવામાં આવશે. આ અંગે આજે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા પરિપત્ર કરી સૂચનાઓ જારી કરાઈ છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ દિવાળીને લઈ શેરીઓ સજાવવાની કામગીરીનો આરંભ થઈ ગયો છે.
- ગાંધીનગર ખોડિયાર મંદિર ખાતે પૂજ્ય આઈશ્રી કંકુ કેશર માતાજી પધાર્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૫૭૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૪ હજારથી વધુ અને શહેરમાં ૧૭૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- કૃષિક્ષેત્રને પુરતા વોલ્ટેજ સાથે ૮ કલાક વીજ પુરવઠો આપવામાં આવતો હોવાનો દાવો કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે કર્યો છે.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે વિવિધ શાખાઓની કામગીરી અંગે સાપ્તાહિક સમીક્ષા કરી હતી.
- રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી આજે સચિવાલયના હેલિપેડથી હાઈવે પેટ્રોલ વાનને ફ્લેગ ઓફ આપી જિલ્લાઓને હવાલે મુકશે.

કોબામાં વકીલના બંધ બંગલાનું તાળુ તોડી ૬૬ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર કોબા નંદનવન બંગ્લોઝ ખાતે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકીને ઘરના બંધ દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી રોકડા રૂ.૬૬ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા છે. ત્યારે માત્ર બે માસમાં બીજીવાર વકીલને ત્યાં ચોરીના બનાવ બનવા પામ્યો છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શાહીબાગ મહાલક્ષ્મી સોસાયટી ખાતે મકાન નં.૨ ખાતે રહેતા વિરલ રવિન્દ્રભાઈ ગુર્જર (ઉં.૨૬) હાઈકોર્ટ ખાતે વકીલાત કરે છે અને પરિવાર સાથે રહે છે. વર્ષ-૨૦૨૧ જાન્યુઆરથી વિરલભાઈ પરિવાર સાથે અમદાવાદ રહેવા માટે ગયા છે.જયારે અઠવાડીયામાં એક-બે વાર ગાંધીનગર આવી ને રોકાઈ પરત જતા રહીએ છીએ. જયારે કોબા ખાતેના મકાનની સફાઈ કરવા માટે કોકીલાબેન લાલસિંહ બારૈયા તેમજ સીતાબેન બાલસંઘ નામની બે બહેનો રાખી છે. બંન્ને પાસે ચાવી હોવાથી સવારના સમયે ઘરની સફાઈ કરી જતા રહે છે.જયારે બગીચાનું ધ્યાન રાખવા માટે દિનેશભાઈ ગૌરવનાથ ગુમાને રાખ્યા છે. વિરલભાઈ હાઈકોર્ટ ખાતે હાજર હતા તે સમયે તેઓને જાણ થઈ કે ગાંધીનગરવાળા બંગ્લોઝના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તુટેલ છે. જેથી કોબા ખાતે પહોંચતા સીતાબેન તેમજ કોકિલાબેન ઘરની બહાર હાજર હતા. તેઓને પુછતા જણાવ્યું કે બંન્ને બહેનો સવારે સવાદશ વાગ્યાના અરસામાં આવ્યા હતા તે સમયે ઘરના દરવાજાનું તાળુ તુટેલુ હતું.વિરલભાઈએ દરવાજો ખોલીને અંદર પ્રવેશ કરતા બંગ્લોઝના ગ્રાઉન્ડ ફલોરના બેડરૂમ ને મારેલ તાળુ પણ તુટેલું હોવાનું જાણળા મળ્યું હતું. બેડરૂમમાં રહેલી ત્રણ તિજોરીમાંથી પ્રથમ બે તિજોરીના દરવાજા ખોલેલા હતા. જયારે તિજોરીના લોકરના ખાના પણ ખાતરીયા વડે તોડેલા હતા. જયારે તિજોરીનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. ત્રણ તિજોરી પૈકી વચ્ચેની તિજોરીમાંથી રોકડા રૂ.૬૬ હજારની ચોરી થવા પામી છે. જયારે ઘરના પાછળના દરવાજાનું અંદરથી મારેલુ તાળુ પણ તુટેલી હાલતમાં હતું. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ આ મકાનમાં ઘરફોડ ચોરી થઈ હતી. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

કાંઠા પ્રાથમિક શાળામાં 'ખાદી દિવસ' ઉજવાયો

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પ્રેરિત 'ખાદી'ના વેચાણને પ્રોત્સાહન આપવા સરકારે પ્રાથમિક શિક્ષકોને સપ્તાહમાં એક દિવસ ખાદી પહેરવા સૂચન કર્યુ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના કાંઠા પ્રાથમિક શાળામાં તા. ૨૫મી ઓક્ટોબર સોમવારે 'ખાદી દિવસ' ઉજવવામાં આવ્યો હતો. ખાદી દિવસે શાળાના આચાર્ય સહિત તમામ શિક્ષકો ખાદીના વસ્ત્રો પહેરીને શાળામાં ફરજ પર આવ્યાં હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય સંજયકુમાર ભગોરાએ ખાદીનો મહત્તમ ઉપયોગ કરવાનો સંદેશ પણ પાઠવ્યો હતો.



પોલીસના રજા પગાર, પે ગ્રેડ અને કામના ચોક્કસ કલાક સહિતની માંગણીઓને લઈ છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે શિક્ષકોનો ગ્રેડ પે ને સરકારે મંજુર કરતા પોલીસ બેડામાં પણ ગ્રેડ પે ને લઈ સળવળાટ શરુ થયો છે. ત્યારે પોલીસ વિભાગમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ-૨૮૦૦, હેડ કોન્સ્ટેબલ-૩૬૦૦ તેમજ એએસઆઈ-૪૨૦૦ ગ્રેડ પે માં વધારો કરવા માટે માંગ કરાઈ છે. ત્યારે અમદાવાદ ખાતે ફરજ બજાવતો એક પોલીસ કર્મચારી ગ્રેડ પે મુદ્દે ગાંધીનગર ખાતે ધરણા પર બેસવા માટે આવી પહોચ્યો હતો.

નાગર પરિવાર દ્વારા સિઝન ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ટૂર્નામેન્ટમાં ૭ ટીમોએ ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

એમ.બી. પટેલ શાળામાંથી અટલ ટિકરિંગ લેબનું અન્ય શાળા-કોલેજ સાથે જોડાણ

શહેરના વિદ્યાર્થીઓના કલ્પનાશીલ પ્રોજેકટને પૂર્ણ કરવા મળી અટલ ટિકરિંગ લેબ : પ્રાયોગિક તબક્કે બે શાળા અને બે કોલેજોના વિદ્યાર્થીઓને મળશે તક

ગાંધીનગર, તા. ૨૫

ભારત સરકારના નીતિ આયોગ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી કલ્પના શક્તિ ખીલવવાના હેતુથી અદ્યતન ટેકનોલોજી ધરાવતી

લેબનો પ્રકલ્પ શરૂ કરવામાં આવ્યો છે. નીતિ આયોગ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર સ્થિત એમ.બી. પટેલ ઈંગ્લિંશ મિડિયમ સ્કૂલની પસંદગી કરવામાં આવી હતી. આ સાથે અદ્યતન 'અટલ ટિકરિંગ લેબલ્લ માટે રૂપિયા ૨૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. લેબનો ઉપયોગ વધુને વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે હેતુથી સંસ્થા દ્વારા બે શાળા અને બે કોલેજ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં છે.

આ પ્રસંગે એમ.બી. પટેલના આચાર્ય અર્પિત ક્રિશ્ચયને અટલ ટિકરિંગ લેબની માહિતી આપતાં જણાવ્યું હતું કે, અદ્યતન ઈલેક્ટ્રોનિક ગેજેટ, મિકેનિકલ ટૂલ જેવા સાધનોથી સજ્જ આ લેબનો ઉપયોગથી વિદ્યાર્થીઓ પોતાના કલ્પનાશીલ પ્રોજેકટને સફળ બનાવી શકશે. આ માટે શહેરમાં આવેલ શ્રીમતી આર.એન. પટેલ પ્રા.શાળા સેકટર-૨૩, સરદાર પટેલ શાળા, સેકટર-૭ અને સેકટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત એ.લ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કોલેજ તથા એમએસસી-આઈટી કોલેજ સાથે એમઓયુ કરવામાં આવ્યાં છે. આ લેબ સાથે જોડાયેલ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ સહિત પ્રાધ્યાપકો પોતાના પ્રોજેકટના પ્રોટોટાઈપ તૈયાર કરી શકશે. આ માટે સંસ્થા દ્વારા પ્રોજેકટમાં સહાયક માર્ગદર્શનની વ્યવસ્થા પણ કરવામાં આવશે. જયારે કેએસવીના ઈનોવેશન કેટલીસ્ટના ઉત્કર્ષ પટેલે 'અટલ ટિકરિંગ લેબલ્લ લેબનો હેતુ અને સાધનો વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ પોતાના પ્રોજેકટ માટે લેબમાં અદ્યતન ઉપયુક્ત સાધનોમાં એલ.ઈડી સર્કિટ બોર્ડ, આરડીના બોર્ડ, રાસબેરી પાઈપ, વિવિધ પ્રકારના સેન્સર, ડ્રોન કીટ, મિકેનિકલ ટૂલ્સ, થ્રિ-ડી પ્રિન્ટર, ઈલે.ગેજેટ, ટેલિસ્કોપિટ કિટ, વિગેરે સહિત વિષય આધારિત ટ્રેનિંગ સેશનની લેબમાં વ્યવસ્થા કરવામાં આવશે. 'અટલ ટિકરિંગ લેબલ્લના કો-ઓર્ડિનેટર સેજલ પરમારે 'અટલ ટિકરિંગ લેબલ્લમાં જોડાયેલ શાળા-કોલેજના આચાર્યોને 'અટલ ટિકરિંગ લેબલ્લ પૂર્વ તથા આગામી કામગીરીનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. એમઓયુ શાળા કોલેજના વિદ્યાર્થી તથા પ્રાધ્યાપકશ્રીઓ કેવી રીતે લેબનો લાભ મેળવી શકશે તેના નિયમો કાર્યપદ્ધતિથી વાકેફ કર્યા હતાં. જયારે એ.એસ.શ્રીજાએ ઉપસ્થિત રહેલાં તમામ આચાર્યશ્રીઓ તથા શિક્ષિકગણનો આભાર પ્રગટ કર્યો હતો.

લો, સીટબેલ્ટ ના બાંધ્યો હોય તો દેખાય, પણ આડું પડી ગયેલું બેરીકેડર ના દેખાય..!!!

'સ્માર્ટ સીટી'માં વાહનચાલકોને દંડવા સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરાય પરંતુ અકસ્માતને નોંતરે તેવું નડતરરૂપ આડું પડેલું બેરીકેડર કેમ ના દેખાય ?

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં 'સ્માર્ટ સીટી' પ્રોજેક્ટ અંતર્ગત લગભગ દરેક સર્કલોએ સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. આ ઉપરાંત ટ્રાફિક પોલીસ દ્વારા પણ અલગથી સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યાં છે જેના થકી વાહનચાલકો હેલ્મેટ ના પહેરે કે સીટબેલ્ટ ના બાંધે, મોબાઈલ પર ચાલુ વાહને વાત કરતાં હોય કે સિગ્નલ તોડે તો ઈ-મેમો આપવામાં આવે છે પરંતુ

આ સીસીટીવી કેમેરામાં સર્કલે ટ્રાફિક નિયમન માટે રાખવામાં આવેલું બેરીકેડર આડું પડી જાય તો તેને જોવામાં નથી આવતુ પછી ભલે ને તે વાહનચાલકો માટે નડતરરૂપ બનીને અકસ્માતને નોંતરે તેવી રીતે પડી ગયું હોય.

શહેરના ઘ-૫ સર્કલે એક બેરીકેડર આડું પડી ગયુ હતુ અને સતત ટ્રાફિકથી ધમધમતા આ સર્કલેથી પસાર થતાં વાહનચાલકો માટે નડતરરૂપ હતુ છતાં તેના તરફ કોઈનું ધ્યાન નહોતુ, સીસીટીવી કેમેરા જોઈને વાહનચાલકોને દંડ કરતા પોલીસકર્મીનું પણ આ કેમેરા વડે સિગ્નલ લાઈન તોડી ક્રોસ કરીને ઉભેલા વાહનચાલકના ઘરે રૂ. ૫૦૦નો ઈ-મેમો પહોંચી જાય છે પરંતુ આડા પડેલા બેરીકેટર જાણે દેખાતાં જ નથી અને તેની કોઈ જવાબદારી લેવા તૈયાર પણ નહી થાય. આમ પણ શહેરમાં અનેક સ્થળે બિનજરૂરી રીતે મુકવામાં આવી દેતા બેરીકેડર્સ વાહનચાલકોને નડતરરૂપ બની રહ્યાં હોવાની ફરિયાદો પણ વાહનચાલકોને સતાવી રહી છે.

ગ્રંથપાલ મહિલાઓ દિલ્હી જઈ વડાપ્રધાનને ભરતી પ્રક્રિયા માટે રજુઆત કરશે

ગાંધીનગર, તા.૨૫

છેલ્લા એક દાયકાથી ગ્રંથાલયોમાં ગ્રંથપાલની ભરતી પ્રક્રિયા સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી નથી. સરકારને ૭૮ વખત આવેદન પત્ર આપવા છતા હજુ સુધી કોઈ નકકર પરિણામ આવ્યું નથી.ત્યારે આગામી સમયમાં રાજયની હજજારો ગ્રંથપાલ બહેનો શાળા-કોલેજમાં ગ્રંથપાલોની ભરતી પ્રક્રિયાને અનુલક્ષી દિલ્હી ખાતે જઈ વડાપ્રધાનને મળીને પોતાની રજુઆત કરશે.

રાજયની શાળાના બાળકો જ્ઞાનવાન બને અને વિશ્વ સાથે જ્ઞાનની સ્પર્ધામાં અગ્રેસર રહી શકે તે માટે રાજયની તમામ શાળા-કોલેજમાં ગ્રંથાલય અને ગ્રંથપાલ હોવા જોઈએ. રાજય ગ્રંથપાલ બેરોજગાર દ્વારા એક દાયકો અને ૧૨૨ મહિનાથી સતત રજુઆત ભરતી માટે કરવામાં આવી રહી છે. શાળા-કોલેજમાં આવેલા ગ્રંથાલયોમાં ગ્રંથપાલની જગ્યાઓ ખાલી પડી છે. રાજયમાં છેલ્લા ૨૩ વર્ષથી ખાલી પડેલી ગ્રંથપાલની જગ્યાઓ માટે મહિલા ઉમેદવારોએ ૭૮ વખત આવેદન પત્ર પાઠવી ચુકી છે છતા કોઈ નક્કર પરિણામ મળ્યુ નથી.

રાજયમાં શાળા ગ્રંથાલયોમાં ૫૬૦૦ જેટલી જગ્યા ખાલી પડી છે તેમ છતા ભરતી કરવામાં ન આવતા ગ્રંથપાલ ભાઈ બહેનો ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે આજે પણ ગ્રંથપાલ ભાઈ બહેનોએ નાણામંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. જયારે ગુજરાતને અડીને આવેલા રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી , બિહાર, યુપી, તમિલાનાડુ, આસામ, પંજાબ સહિતના રાજયમાં ગ્રંથપાલની જગ્યા પુરા વેતનથી ભરવામાં આવી રહી છે. ત્યારે વિકાસશીલ ગુજરાતમાં અઢી દાયકાથી ગ્રંથપાલની એક પણ જગ્યા ભરાઈ નથી. ત્યારે હવે ઉમેદવારો રોજગારી માટે અન્ય રાજયમાં પ્રયાણ કરવાની ફરજ પડી રહી છે. ત્યારે રાજયમાં ગ્રંથપાલોની ભરતી પ્રક્રિયા ઝડપી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉમેદવારોની છે.

GOVERNMENT OF GUJARAT
URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT
No. AGN/102021/532/L1
SACHIVALAYA, GANDHINAGAR
Dated : 7th October 2021

PUBLIC NOTICE

Draft Gujarat Fire Prevention and Life Safety Measures Regulations-2021

WHEREAS, the Government of Gujarat in Urban Development and Urban Housing Department has prepared a draft of the Gujarat Fire Prevention And Life Safety Measures Regulations-2021 (hereinafter referred to as the "said Draft Regulations") after extensive consultations with the practicing professionals and experts in this field.

AND WHEREAS, in public interest and as part of ease of doing business, the State Government intends to invite objections/suggestions on the said Draft Regulations;

THEREFORE, any person or an organization or an institution interested in the said draft Regulations may visit the web portal https:\\gujfiresafetycop.in/suggestion.:\spx and can submit objections/suggestions if any from 11th October, 2021 to 9th November, 2021 for which dedicated link has been provided in this portal.

Joint Secretary

INF/1361/21-22

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેર નિવિદા :- એબી/ટીસી/૦૭, સને ૨૦૨૧-૨૨
ગ્રામ્ય વિસ્તારનાં પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર :- ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા "ટોયોટા ઈનોવા જીજે૧૮જી૨૩૦૬ નું ડેન્ટીંગ પેઈન્ટીંગ અને રીપેરીંગ અંગેનું કામ વર્ષ ૨૦૨૧-૨૨" માટે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તીર્ણ થવાનું રહેશે. જે કામની અંદાજીત કિંમત રૂપિયા ૮૭,૬૯૩.૯૦, ટેન્ડર ફી રૂ. ૩૦૦/-, બાનાની રકમ રૂ. ૮૮૦/- છે. કોરા ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ ૩૦/૧૦/૨૦૨૧ કચેરી સમય સુધી અને ભાવો ભરી ટેન્ડર કોપી કચેરીએ આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી પહોંચાડવાની છેલ્લી તારીખ ૧૨/૧૧/૨૦૨૧ કચેરી સમય સુધીની છે. કોરા ટેન્ડરની કોપી મેળવવા માટે એજન્સીએ પાન કાર્ડ અથવા GST રજીસ્ટ્રેશનની નકલ રજુ કરવાની રહેશે. નિયત સમયમાં મળેલ ભાવો તા. ૧૫/૧૧/૨૦૨૧ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. બોર્ડને આ ટેન્ડર કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૧૩૬૨/૨૧-૨૧

પ્રાંતિજ નગરપાલિકા
જાહેર નિવિદા

આથી પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારની સ્ટ્રીટ લાઈટ સમયસર ચાલુ બંધ કરવા માટે ટાઈમર લગાડવાના હોવાથી રસ ધરાવતા વેપારીઓ પાસેથી ટાઈમર લગાડવાની કામગીરી કરતી એજન્સી પાસેથી આ જાહેર નિવિદા પ્રસિદ્ધ થયાના દિન-૩ માં પોતાના છાપેલા લેટર પેઈડ ઉપર મુખ્ય અધિકારી, પ્રાંતિજ નગરપાલિકાને મળી જાય તે રીતે રજી. પો. એડી.થી સીલબંધ કવર ઉપર સ્ટ્રીટલાઈટ ચાલુ બંધ કરવા માટે ટાઈમર લગાડવાના ટેન્ડર તેમ લખીને રૂ. ૧૦,૦૦૦,૦૦ એફ.ડી.આર. સાથે રાખી મોકલી આપવા જણાવવામાં આવે છે. તમામ કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય આવેલ ભાવો મંજુર કરવા કે રદ કરવાનો અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(ઉર્મીલાબેન સુમેસરા) મુખ્ય અધિકાર પ્રાંતિજ નગરપાલિકા
(મહેબુબખાં એ. બલોચ) ચેરમેન, દિવાબત્તી સમિતિ પ્રાંતિજ નગરપાલિકા
(જશોદાબેન એન. રાઠોડ) ચેરમેન, કારોબારી સમિતિ પ્રાંતિજ નગરપાલિકા
(જગદીશભાઈ એલ. કિમતાણી) ઉપપ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા
(દિપકભાઈ સથવારા-કડીયા) પ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા

ગુજરાત પાણી પુરવઠા અને ગ.વ્ય. બોર્ડ
જાહેર નિવિદા નં. ૧૨ સને ૨૦૨૧-૨૦૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પ્રથમ માળ, જલભવન, આદર્શ સ્કૂલની પાછળ, પાલનપુર-૩૮૫૦૦૧ જી. બનાસકાંઠા ફોન નં. (૦૨૭૪૨) ૨૫૭૧૬૧ દ્વારા બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તથા વડગામ તાલુકાના કુલ ૧ થી ૫ કામો કે જેની કુલ અંદાજીત કિંમત રૂ. ૧૯૭૧૯-૬૨ લાખ માટે ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. આ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. જેનો આઈડી નં. ૪૮૮૦૪૪/ ૪૮૮૦૪૫/ ૪૮૮૦૪૬/ ૪૮૮૦૪૮/ ૪૮૮૧૬૩ છે. અ.નં. ૧ થી ૪ ના કામોની ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૨૦/૧૧/૨૦૨૧ ના ૧૮.૦૦ કલાક સુધી છે. તથા અ.નં. ૫ ના કામોની ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૮/૧૧/૨૦૨૧ ના ૧૮.૦૦ કલાક સુધી છે. તથા પ્રી-બીડ મીટીંગ તા. ૧૦-૧૧-૨૦૨૧ ના ૧૨-૦૦ કલાકે મુખ્ય ઈજનેરશ્રી, ઝોન-૨, જલભવન, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. ટેન્ડરને લગતી વિગતવાર વિગતો વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા https://gwssb.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. ટપાલ દરમ્યાન મોડા મળેલ કે ગેરવલ્લે જાય તેની જવાબદારી કચેરીને રહેશે નહી. કોઈપણ ભાવો માન્ય રાખવા કે નહી કે કોઈપણ કારણ આપ્યા સિવાય એક અથવા બધા ટેન્ડરો રદ કરવાનો હક્ક નીચે સહી કરનાર અધિકારીશ્રીનો અબાધિત રહેશે. ટેન્ડરમાં જો કોઈ સુધારો હશે તો ફક્ત વેબસાઈટ ઉપર જ પ્રસિધ્ધ કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના હેલ્પલાઈન નં. ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

આજે પાણી બચાવો, આવનાર દિવસોમાં પાણી તમને બચાવશે

નં. નાનોનિ/પાલન/૩૯૧/૨૦૨૧-૨૦૨૨